# Ganpati Bhajan Lyrics In Gujarati

## 1 જય ગણપતિ દેવા ભજન

ઓમ જય ગણપતિ દેવા, પ્રભુ જય ગણપતિ દેવા,

ગણનાયક ગિરજા સુત, ગણનાયક ગિરજા સુત

સિધ્ધિ બુધ્ધિ સેવા… ઓમ જય ગણપતિ દેવા..

લંબોદર જય જયકર, ઉંદર અસવારા, પ્રભુ ઉંદર અસવારા

પિતાંબર ધરી કટિ પર, પિતાંબર ધરી કટિ પર

ત્રિભુવન જગ પ્યારા.. ઓમ જય ગણપતિ દેવા…

હેરંબ હસ્ત પર ધાર્યા, મોદક મનગમતા, પ્રભુ મોદક મનગમતા

પુષ્કળ ઘૃત સાકરના, પુષ્કળ ઘૃત સાકરના

સૂંઢ વડે જમતા… ઓમ જય ગણપતિ દેવા…

માતંગ આકૃતિ દેવ, વિશ્વ તણા ભરતા, પ્રભુ વિશ્વ તણા ભરતા,

ગજવદના સુખ સદના, ગજવદના સુખ સદના,

વિધ્ન સકળ હરતા ... ઓમ જય ગણપતિ દેવા…

તેત્રીસ કોટિ દેવ તુમ્હરો યશ ગાવે, પ્રભુ તુમ્હરો યશ ગાવે,

ભવ પ્રભા ઇન્દ્રાદિક, ભવ પ્રભા ઇન્દ્રાદિક

નિત દર્શન આવે .... ઓમ જય ગણપતિ દેવા…

દેવ દાનવ મુનિ માનવ,ચરણાં બુજ લેવે, પ્રભુ ચરણાં બુજ લેવે,

આજ્ઞા ઉલ્લંઘન કરતા, આજ્ઞા ઉલ્લંઘન કરતા,

થર થર ચરણ ધ્રુજે... ઓમ જય ગણપતિ દેવા…

ગજવદના સુખસદના, તુમ અંતરયામી,પ્રભુ તુમ અંતરયામી

હું પ્રણમું કર જોડી, હું પ્રણમું કર જોડી

નિર્ગુણ નિષ્કામી... ઓમ જય ગણપતિ દેવા…

ભવનંદન જગવંદન આરતી ઊતારી,પ્રભુ આરતી ઊતારી

શ્વેત વૈકુંઠ તુમ પર, શ્વેત વૈકુંઠ તુમ પર

જાઉં બલિહારી .... ઓમ જય ગણપતિ દેવા…

ઓમ જય ગણપતિ દેવા, પ્રભુ જય ગણપતિ દેવા,

ગણનાયક ગિરજા સુત, ગણનાયક ગિરજા સુત

સિધ્ધિ બુધ્ધિ સેવા... ઓમ જય ગણપતિ દેવા…

## 2 ગણપતિ આયો બાપા ભજન

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

આયો રે આયો આયો રે

આયો રે આયો આયો રે

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

શિવજીનો બાળક આયો ઉમિયાનો લાલ આયો

આયો રે આયો બાપો લંબોદર આયો

શિવજીનો બાળક આયો ઉમિયાનો લાલ આયો

આયો રે આયો બાપો લંબોદર આયો

ગણપતિ આયો બાપો હો...હો...

ગણપતિ આયો બાપો રિધ્ધિ સિધ્ધિ લાયો

નિર્ભય વ્હાલા તે તો નામ સુણ્યો

નિર્ભય વ્હાલા તે તો નામ સુણ્યો

ગજાનંદ આયો એકદંત આયો

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

મોટી સુંધા આયો દેવ મહાકાય આયો

આયો રે આયો બાપો આયો

મોટી સુંધા આયો દેવ મહાકાય આયો

આયો રે આયો બાપો આયો

ગજાનંદ આયો બાપો હો...હો...

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

માથે મુંગટ બાપા મોતીનો લગયો

માથે મુંગટ બાપા મોતીનો લગયો

ગજાનંદ આયો એકદંત આયો

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

કાજ ફાટ આયો મોટી ડાનેલો વધ્યો

આયો રે આયો બાપો ચતુર્ભુજ આયો

કાજ ફાટ આયો મોટી ડાનેલો વધ્યો

આયો રે આયો બાપો ચતુર્ભુજ આયો

ગજાનંદ આયો બાપો હો...હો...

ગજાનંદ આયો બાપો રિધ્ધિ સિધ્ધિ લાયો

જમાવા પધારો બાપા થાળ્યો

ગણપતિ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

આરતી ઉતરવા આયો ધૂપ ગુગળના લાયો

લાયો રે લાયો હું તો ફૂલ માળા લાયો

આરતી ઉતરવા આયો ધૂપ ગુગળના લાયો

લાયો રે લાયો હું તો ફૂલ માળા લાયો

ગજાનંદ આયો બાપો હો…હો…

ગજાનંદ આયો બાપો રિધ્ધિ સિધ્ધિ લાયો

દેવમાં તું દેવ છે સ્વભાવ મા સવાયો

દેવમાં તું દેવ છે સ્વભાવ મા સવાયો

એકદંત આયો રિધ્ધિ સિધ્ધિ લાયો

ગણપતિ આયો બાપા રિધ્ધિ સિધ્ધિ લાયો

ગજાનંદ આયો રિધ્ધિ સિધ્ધિ લાયો.

## 3 ગરવા પાટે પધારો ગણપતિ ભજન

ગરવા પાટે પધારો ગુણપતિ

સદગુરૂ ગણપતિ શારદા, ત્રણેય નમન ઠામ;

સરણે ગયે સુખ આપશે, પુરે હૃદય ની હામ.

ગરવા પાટે પધારો ગુણપતિ…

જમા જાગરણ કુંભ થાપ્યા મળીયા જતિ અને સતી,
પાટે પધારો ગુણપતિ સંગમાં સુધ્ધ બુધ્ધ નારી સતી,
ગરવા પાટે પધારો ગણપતિ…

નિજીયા પંથીએ મંડપ રોપ્યા, ધરમ ધજારે ફરકતી
ગત ગંગા આરાધે દેવતા, નરનારી એક મતિ
ગરવા પાટે પધારો ગણપતિ…

વેદ ભણંતા બ્રહ્માજી આવ્યા, આવ્યાં માતા સરસ્વતી
કૈલાસથી ભોળાનાથ પધાર્યા સંગે પાર્વતી સતી
ગરવા પાટે પધારો ગણપતિ…

તેત્રીસ કોટિ દેવતા આવ્યાં આવ્યા લક્ષ્મી પતિ
બાવન વીર ને ચોસઠ જોગણી આવ્યાં હનમો જતિ
ગરવા પાટે પધારો ગણપતિ…

નવનાથ ને સિધ્ધ ચોરાશી આવ્યા છે ગોરખ જતિ
પોકરણથી પીર રામો પધાર્યા એ તો બાર બીજના પતિ
ગરવા પાટે પધારો ગણપતિ

કેશવ તમને વિનવે સ્વામી, મંગળકર મુરતિ

ધુપ ધુપ અને ઝળ હળે જ્યોતિ ઉતારૂં આરતી

ગરવા પાટે પધારો ગણપતિ…

## 4 ગણેશ વધાવા જયયે ભજન

હે કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો

હે કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો

હે શંકર જલડે નાઇ,

હે મારો ભોળિયો જલડે નાઈ

હાલો મોરી સૈયરો

ગણેશ વધાવવા જયયે

જયયે જયયે હાલો મોરી સૈયરો

ગણેશ વધાવવા જયયે

ઉમિયાંજીના વાલા હો

ઉમિયાંજીના વાલા અંગેથી ઉતર્યા

ઉમિયાંજીના વાલા અંગેથી ઉતર્યા

ગૌરી પુત્ર કેવાય હે,

એવા પાર્વતી પુત્ર કેવાય

હાલો સૈયર હાલો મોરી સૈયરો

ગણેશ વધાવવા જયયે

જયયે જયયે હાલો મોરી સૈયરો

ગણેશ વધાવવા જયયે

હે કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો

હે કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો

હે શંકર જળડે નાઈ

હે મારો ભોળિયો જળડે નાઈ

હાલો સૈયર હાલો મોરી સૈયરો

ગણેશ વધાવવા જયયે

જયયે જયયે હાલો મોરી સૈયરો

ગણેશ વધાવવા જયયે

**Download All Type PDF: https://pdfseva.com/**